ગાંધીજીનું નામ કાઢવા મુદ્દે ધરમપુર કોંગ્રેસનો વિરોધ

ધરમપુરઃ કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં લોકસભામાં મનરેગા યોજનામાં મહાત્મા ગાંધીનું નામ શરુઆતથી ચાલી આવતું હતું, તેની જગ્યાએ જી રામજી નામ આપતા ધરમપુર શહેર તથા તાલુકા કોંગ્રેસ દ્વારા ગાંધીબાગમાં ગાંધીજીની પ્રતિમા પાસે વલસાડ જિલ્લાના કોંગેસ પ્રમુખ કિશન પટેલ તથા તાલુકા કોંગ્રેસની આગેવાની હેઠળ ધરણાં પ્રદર્શન કરાયું હતું. માજી સાસંદ કિશન પટેલે કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા યોજના હેઠળ ફક્ત 60 રાજ્ય સરકાર 40 ટકા રકમ આપે છે, પરંતુ મનરેગા યોજના હેઠળ કરાયેલાં ભ્રષ્ટાચાર થકી હાલમાં આ યોજના બંધ થઈ ચૂકી છે. મનરેગા યોજનામાં કરાયેલા ભ્રષ્ટાચારને કારણે યોજના પડી ભાંગી છે. આ પ્રસંગે ધરમપુર તા.પ્રમુખ રાજેશ પટેલ, જી.યુવા પ્રમુખ મુફીદ પઠાણ, નરેશ ચૌધરી, ધરમપુર યુવા લઘુમતીના પ્રમુખ ફહીમ બાહનાન, સુનિલ પટેલ, શહેર પ્રમુખ અમીત પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

નવસારી મહાનગરપાલિકાની નગરજનોના હિતમાં મોટી જાહેરાત

નવસારીમાં હવે સિટી બસ પાસ પર 20 ટકા ડિસ્કાઉન્ટ

વધુ ને વધુ નાગરિકો જાહેર પરિવહનનો ઉપયોગ કરે તો ખાનગી વાહનોની સંખ્યા, ટ્રાફિક તેમજ પ્રદૂષણમાં ઘટાડો થાય એવો ઉદ્દેશ

નવસારીઃ નવસારી મહાનગરપાલિકા (NMC) દ્વારા સંચાલિત નવસારી સિટી બસ સર્વિસમાં મુસાફરોને વધુ સુવિધાજનક અને કિફાયતી મુસાફરીનો લાભ આપવામાં આવી રહ્યો છે. હવે શહેરના નાગરિકોને સિટી બસ પાસ પર 20 ટકા સુધીનું ડિસ્કાઉન્ટ મેળવવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેના કારણે દૈનિક મુસાફરી કરતા નાગરિકોને આર્થિક રાહત મળશે.

મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે કે બસ મુસાફરી દરમિયાન મુસાફરો માટે બસ પાસ સાથે રાખવો ફરજિયાત છે. આ પાસ દ્વારા નાગરિકોને સલામત, સરળ અને સમયસર મુસાફરીનો અનુભવ મળી રહ્યો છે. ખાસ કરીને રોજિંદા આવન-જાવન કરનારા કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને વેપારીઓ માટે આ યોજના ખૂબ જ લાભદાયી સાબિત થશે. નવસારી મહાનગરપાલિકા શહેરના જાહેર પરિવહનને વધુ આધુનિક અને સુવ્યવસ્થિત બનાવવા સતત પ્રયત્નશીલ છે. સિટી બસ સેવાઓમાં કેશલેસ ચુકવણીની સુવિધા, મોબાઈલ એપ્લિકેશન મારફતે ટિકિટ બુકિંગ તેમજ લાઈવ બસ ટ્રેકિંગ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધાઓથી મુસાફરોને બસની સમયસૂચિ અને સ્થાન વિશે તાત્કાલિક માહિતી મળી રહે છે.

મહાનગરપાલિકાનું માનવું છે કે બસ પાસ પર ડિસ્કાઉન્ટ આપવાથી વધુને વધુ નાગરિકો જાહેર પરિવહનનો ઉપયોગ કરશે, જેના કારણે ખાનગી વાહનોની સંખ્યા ઘટશે, ટ્રાફિક સમસ્યા અને પ્રદૂષણમાં ઘટાડો થશે. નાગરિકોને આ સુવિધાનો લાભ લેવા અને કિફાયતી, સલામત તથા પર્યાવરણમૈત્રી મુસાફરી અપનાવવા NMC દ્વારા અપીલ કરવામાં આવી છે.

સંક્ષિપ્ત સમાચાર

ગણદેવી રેફરલ હોસ્પિટલમાં દીકરીના વધામણાં : આરોગ્યપ્રદ કિટ અર્પણ

બીલીમોરાઃ નવસારી મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો યોજના હેઠળ ગણદેવી રેફરલ હોસ્પિટલમાં સોમવારે દીકરી વધામણા કીટ વિતરણ કરાઈ હતી. આ પ્રસંગે ડો.ગુંજનબેન પાટીલ (બાળ રોગોના નિષ્ણાત), ડો. મિલનભાઈ પટેલ (મેડિકલ ઓફિસર) અને ડો. નીરવભાઈ પટેલ (મેડિકલ ઓફિસર) ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર અસ્મિતા ગાંધીએ સૌને આવકાર્યા હતા. દીકરીનો જન્મ થયો હોય તેવા લાભાર્થી પરિવારોને દીકરી વધામણા કીટ વિતરણ કરાઈ હતી. તે સાથે સરકારની વ્હાલી દીકરી યોજનાના ફોર્મ પણ અપાયા હતા. આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી બી. જે. ગામીતે તમામ લાભાર્થીઓને વ્હાલી દીકરી યોજનાની વિગતવાર માહિતી આપી હતી. તેમણે યોજનાના ફોર્મ સમયસર અને યોગ્ય રીતે ભરી સરકાર દ્વારા ત્રણ તબક્કામાં કુલ રૂ. ૧,૧૦,૦૦૦/-ની સહાયનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

યુનિ.ના MSc સેમ-1નાં પરિણામોમાં વાપીની આર.કે. દેસાઈ કોલેજનું ગૌરવ

વાપીઃ વાપીની આર.કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સ અંતર્ગત એમ.એસ.સી. સેમેસ્ટર - 1 ઓર્ગેનિક કેમિસ્ટ્રીના વિદ્યાર્થીઓએ 2025-26માં VNSGU દ્વારા લેવાયેલ પરીક્ષામાં જાહેર થયેલા પરિણામમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. જેમાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થી પટેલ પૂર્વી હરીશ- SGPA : 7.42, આહિર રિયા મનીષ SGPA : 7.42 અને દ્વિતીય ક્રમે પટેલ અર્પિતકુમાર રાજેશ SGPA : 7.3 આવ્યા હતા. આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ, ઇન્ચાર્જ આચાર્ય પ્રો.સુરભી ચૌધરીએ શુભેચ્છા પાઠવી હતી.

વલસાડ "સ્નેહ સંસ્થા" દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો, 125 યુનિટ રક્ત એકત્ર

વલસાડઃ ભગવાન વાલરામ શતાબ્દી મહોત્સવ અંતર્ગત સત્કર્મ શૃંખલાની કડી રૂપે સરદાર હાઇટ્સ, વલસાડ "સ્નેહ સંસ્થા" દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું, જેમાં 125 યુનિટ રક્ત એકત્ર થયું હતું. રક્તદાતાઓને ભેટ પણ આપવામાં આવી હતી. નોંધનીય છે કે સંસ્થા દ્વારા આ 10મો રક્તદાન કેમ્પ છે, અત્યાર સુધી સંસ્થા દ્વારા 1103 યુનિટ રક્ત એકત્ર કરાયું છે. કેમ્પના આયોજનમાં જ્યંતી દામા, ધર્મિષ્ઠા કાનજી મંગે પરિવાર, કલ્યાણ ભાનુશાલી, કિશોર ખીચડા, ભીખ્મભાઈ સહયોગી બન્યા હતા. કેમ્પને સફળ બનાવવા સ્નેહ સંસ્થાના પ્રમુખ પિનાકિન કોઠી, રાજેશ મંગે તથા સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

અમલસાડ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અદ્યતન ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ

બીલીમોરાઃ અમલસાડ સીએચસી સેન્ટરને સોમવારે આઇસીયુ વેન્ટિલેટર જેવી અદ્યતન સુવિધાઓથી સજ્જ ૧૦૮ એમ્બ્યુલન્સ લોકાર્પણ કરાઈ હતી. જેથી સમગ્ર અમલસાડ પંથકમાં અકસ્માત કે આપત્તિના સમયે ઈજાગ્રસ્ત, બીમાર કે જરૂરીયાતમંદ દર્દી માટે સંજીવની બનવા સાથે દર્દીઓને નવજીવન મળશે. અમલસાડ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ થયો હતો. આ સુવિધા સમગ્ર પંથકના જરૂરીયાતમંદ લોકો માટે સંજીવની પુરવાર થશે. કાંઠા વિસ્તારમાં સમયસર સાધન સારવાર મળતા જિંદગી બચાવી શકવાનો વિશ્વાસ વ્યક્ત કરાયો હતો. હાલ આ સેવા સવારે ૮થી સાંજે ૮ સુધી ઉપલબ્ધ બની છે. ઘર આંગણે વિનામૂલ્યે સેવાનો લાભ લેવા ગ્રામજનોને અપીલ કરાઈ હતી. આ પ્રસંગે ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ પ્રશાંત શાહ, સરપંચ રમેશભાઈ પટેલ, નિલેશ નાયક, ડો.દેવયાની પટેલ સહિત હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

ધરમપુરના ભવાડા ગામે બે મકાનમાં શોર્ટ સર્કિટથી આગ

ધરમપુરઃ ધરમપુરના ભવાડા ગામે બપોરના સુમારે ભવાડા ડુંગરસેતુ ફ.ખાતે રહેતા કાકડુ સોમલા ગાયકવાડ તથા યોગેશ સોમલા ગાયકવાડના બે ગાળાના મકાનમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. મકાનોના પતરા, ભાત 120 મણ, પલંગ, ગોદડા, કપડાં સહિત ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જોકે, કોઈ જાનહાનિ થવા પામી ન હતી. ધારાસભ્ય અરવિંદ પટેલે અસરગ્રસ્ત વિધવા કાકડુબેન ગાયકવાડ તથા પુત્ર યોગેશ ગાયકવાડને કપડાં, ધાબળા સહિત વસ્તુઓ આપી હતી.

વાપી સમર્પણ જ્ઞાન સ્કૂલમાં 14મા વાર્ષિકોત્સવની ઉજવણી

વાપીઃ વાપીની સીબીએસસી શાળા સમર્પણ જ્ઞાન સ્કૂલમાં 14મા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. વાર્ષિકોત્સવની થીમ "મન કે રંગ" રાખવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ મનના વિવિધ ભાવોને કલાત્મક રીતે રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ અવસરે લાયન્સ ઇન્ટરનેશનલનાં ફર્સ્ટ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન હેમલ પટેલ, કારોબારી જિ.પં. ચેરમેન મિતેષ પટેલ, બીજેપી વાપી ગ્રામીણના પ્રમુખ સમય પટેલ, ડીસીઓ સાર્વજનિક હાઈસ્કૂલ, પારડીના રિટાયર્ડ પ્રિ.લાયન રામસિંહ દેસાઈ તથા રાતાના સરપંચ નીલમબેન પટેલ, શાળાના સંસ્થાપકો, સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી મુકેશ પટેલ અને સ્કૂલ ચેરપરસન હીનાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, નાટક, સમૂહ ગીતો અને વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરાઈ હતી. સ્કૂલ ચેરપર્સન હીના પટેલે શૈક્ષણિક અને વ્યાવહારિક મહત્વતા સમજાવી હતી. આચાર્યા પાર્વતી પિઠાનીએ સ્કૂલનો શૈક્ષણિક અને સાંસ્કૃતિક વાર્ષિક રિપોર્ટ રજૂ કર્યો હતો. જ્યારે શિક્ષિકા તેજલ પટેલે શાળાના 14 વર્ષના શૈક્ષણિક સફરની રૂપરેખા આપી હતી. અંતમાં વાઈસ પ્રિ.મોસીના ખાને આભાર વ્યક્ત કર્યો હતો.

ડાંગમાં અંબિકા નદી પર બનાવેલો ચેકડેમ એક જ વર્ષમાં લીકેજ

પાણીની થેલીઓ પૂરીને પાણી રોકવામાં આવ્યું હતું, પરંતુ તે પણ ફેઈલ, રોજ એક મિટર પાણી વહી જાય છે

સિંચાઈના ભરોસે મોંઘું બિયારણ વાવનારા હુંબાપાડા, સોનુનીયા ગામના ખેડૂતો ચિંતિત, આવેદનપત્ર આપ્યું

સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં વિકાસના નામે સરકારી નાણાંનો કેવો વેડફાટ થાય છે તેનો જીવંત નમૂનો હુંબાપાડા ગામ નજીક અંબિકા નદી પર જોવા મળ્યો છે. દમણગંગા વિભાગ દ્વારા અંબિકા નદી પર અંદાજે 8 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત ચેકડેમમાં ગંભીર બેદરકારી સામે આવી છે. નિર્માણ થયાનાં પ્રથમ વર્ષે જ ડેમના દરવાજામાંથી સતત થઈ રહેલા પાણીના લીકેજને કારણે ખેડૂતોનો શિયાળુ પાક જોખમમાં મુકાયો છે, જેને લઈને હુંબાપાડા અને સોનુનીયા ગામના ગ્રામજનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, સને 2024-25માં ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં સમાવિષ્ટ હુંબાપાડા અને સોનુનીયા ગામ નજીક અંબિકા નદી પર દમણગંગા યોજના હેઠળ આશરે આઠ કરોડ રૂપિયાનાં માતબર ખર્ચે ડેમનું નિર્માણ કરવામાં આવેલ છે. આ ડેમને હજી વર્ષ પણ પુરૂ થયું નથી તેવામાં તો ડેમમાંથી પાણી લીકેજ થાય છે. હાલ ડેમ અડધો ખાલી થઈ ગયો છે. આસપાસનાં ખેડૂતોએ મોંઘું બિયારણ લાવીને ખેતરોમાં વાવી દીધેલ છે અને હાલ પાણી નીકળી જવાથી ખેતી અને પીવાના પાણી માટે નુકસાન થવાનો ભય ઉભો થયો છે. વચ્ચે માટીની થેલીઓ પૂરીને પાણી રોકવામાં આવેલ હતું. ડેમનાં દરવાજા તૂટી ગયા છે અને ક્રેક થઈ જતા ડેમમાં બેસતા નથી. સાથે અહીં માટી ઓગળી જતા રોજનાં 1 મિટર જેટલું પાણી નીકળી જાય છે. જેથી તાત્કાલિક પાણી રોકવા માટે પગલા ભરવા હુંબાપાડા તથા સોનુંનિયા ગ્રામજનોએ માંગ કરી છે.

જે ડેમ બનાવવામાં આવેલ તેમાં અધિકારી તેમજ કર્મચારીઓએ ધ્યાન આપેલ નથી. જેથી ડેમની કામગીરી નિષ્ફળ જવાથી અધિકારી ઉપર તાત્કાલિક પગલા ભરી કડકમાં કડક તપાસ કરવા ખેડૂતોએ અરજ કરેલ છે.

દાનહ-દમણ-દીવના સ્થાનિક ફૂટબોલ ખેલાડીઓને અન્યાય

સંતોષ ટ્રોફી સિલેક્શનમાં ભારોભાર ગેરરીતિના આરોપ લગાવી ખોટી એફિડેવિટથી રમતા ખેલાડીઓનું સિલેક્શન રદ કરવા માંગ

દમણઃ સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં લોકલ ફૂટબોલ પ્રતિભાઓની અવગણના તેમજ ફૂટબોલ એસોસિએશનની કથિત ગેરરીતિઓ સામે અવાજ ઉઠાવતા પ્રદેશના સ્થાનિક ખેલાડીઓએ આજે દમણ ભાજપ કાર્યાલય ખાતે પહોંચીને ઉગ્ર વિરોધ નોંધાવી ભાજપ પ્રદેશ પ્રભારી દુષ્યંત પટેલ તેમજ પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયાને આવેદન પત્ર પાઠવી પોતાની સમસ્યાઓ જણાવી હતી. ખેલાડીઓએ સંઘપ્રદેશ ફૂટબોલ એસોસિયેશન દ્વારા સંતોષ ટ્રોફીના સિલેક્શન ટ્રાયલ્સમાં 'રોંગ પ્રેક્ટિસ' અપનાવવામાં આવી રહી હોવાના ગંભીર આક્ષેપો લગાવ્યા છે અને જણાવ્યું હતું કે છેલ્લા ૧૦-૧૫ વર્ષથી એસોસિયેશન દ્વારા પ્રદેશના સ્થાનિક ખેલાડીઓની અવગણના કરીને બહારના ખેલાડીઓને પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. હાલમાં પણ કેટેગરી-૨ અને કેટેગરી-૩ના નિયમોનો દુરુપયોગ કરી બહારના ખેલાડીઓના ખોટા એફિડેવિટ બનાવીને તેમને ટીમમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. જેમાંથી ઘણાં ખેલાડીઓએ તો ટ્રાયલ્સમાં પણ હાજરી આપી ન હોવાનો ગંભીર આક્ષેપ સ્થાનિક ખેલાડીઓ દ્વારા લગાવવામાં આવ્યો છે.

એક તરફ 'વિઝન ૨૦૪૭' અંતર્ગત ભારતને ફિફા માટે તૈયાર કરવાનું લક્ષ્ય છે. ત્યારે સ્થાનિક ફૂટબોલ એસોસિએશન સેલવાસ, ખાનવેલ, દમણ અને દીવના ૩૦૦થી ૫૦૦ જેટલા સક્ષમ અને નેશનલ લેવલે રમી ચૂકેલા સ્થાનિક ખેલાડીઓને તક આપવાને બદલે અન્યાય કરાઈ રહ્યો છે. ખેલાડીઓની સ્પષ્ટ માંગ છે કે આ સમગ્ર મામલે પારદર્શી તપાસ કરાવવામાં આવે, ૧૮ ખેલાડીની ટીમમાં સ્થાનિક યુવાનોને જ તક આપવામાં આવે, ખોટા એફિડેવિટથી રમતા ખેલાડીઓનું સિલેક્શન રદ કરવામાં આવે અને વર્ષોથી ચાલી આવતી આ પ્રથાઓ બંધ કરવામાં આવે જેથી પ્રદેશના સાચા ટેલેન્ટ ને ન્યાય મળી શકે.

માર્ગ પર અકસ્માતમાં ટેમ્પોચાલકનું મોત

ધરમપુરઃ બામટી ગામે ટોકર ફળિયા પાસે ખેરગામથી ધરમપુર તરફ જતા રોડ પર અકસ્માતમાં ટેમ્પોના ચાલક હરેન્દ્ર ધર્મ સાહ (ઉ.વ.56, રહે., પચરૂખી, બિહાર) નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ટ્રકના ચાલક અતિષ અંબાદાસ દહીફળે (રહે., પુના) વિરુદ્ધ ફરિયાદ થતા ધરમપુર પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

વર્કશોપના બે કર્મીએ 10.88 લાખ ઠગ્યા

ઉમરગામઃ ભીલાડ નજીક કરમબેલે સ્થિત રાહુલ મોટર્સ સર્વિસ સ્ટેશનમાં બે કર્મચારીએ 10.88 લાખની છેતરપિંડી કરી હોવાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

વાપી ટાઉન તુલસી દર્શન બિલ્ડીંગ જન સેવા હોસ્પિટલ સામે રહેતા ફરિયાદી નવલસિંગ ઇન્દ્રાજસિંગ યાદવ જિલ્લા મહેન્દ્રગઢ હરિયાણા ઉમરગામ તાલુકાના કરમબેલે ખાતે રાહુલ મોટર્સ નામથી ટાટા કંપનીનું સર્વિસ સ્ટેશન ચલાવે છે. આ સર્વિસ સ્ટેશન ઉપર તહોમતદાર સાગર પાંડુરંગ બીલયે (રહે અંબા માતાના મંદિર પાસે જીઆઈડીસી વાપી સર્વિસ એડવાઈઝર) અને પીનલ બીપીન ધોડી (રહે જંબુરી બ્રાહ્મણ ફળિયા સ્ટોર કીપર કમ એકાઉન્ટ) તરીકે નોકરી કરે છે

આ બંનેએ એકબીજાની મદદગારીથી સર્વિસ સ્ટેશનમાં જુદી જુદી કંપનીઓ ખાતેથી સ્પેરપાર્ટ મંગાવી અમુક માલ સ્ટોકમાં ચડાવ્યા વગર વર્કશોપ ખાતે રીપેરીંગમાં આવતી ટ્રકોના જોબ કાર્ડ બનાવ્યા વગર જુદા જુદા સ્પેરપાર્ટ ટ્રકોમાં ફીટ કરી ટ્રક માલિકોને ગુમરાહ કરી સ્પેરપાર્ટનું પેમેન્ટ પોતાના ખાતામાં મેળવી ફરિયાદી સાથે રૂપિયા 10,88,488ની છેતરપિંડી કરી હતી.

કપરાડા સરકારી દવાખાનામાં સોનોગ્રાફી, એક્સ-રેની ખોટ

વડોલી ગામે રાનવેરી ફળિયામાં આંગણવાડી બનાવવા તેમજ પિનકોડ સમસ્યાનું નિરાકરણ લાવવા અધિક કલેક્ટરને આવેદન

વલસાડઃ કપરાડા તાલુકામાં આરોગ્ય ક્ષેત્રે કથળેલી પરિસ્થિતિ, આંગણવાડીનો અભાવ અને યુ.આઈ.ડી.એ.આઈ.ના આધાર નોંધણી સુધારણા સોફ્ટવેરમાં પિનકોડ સમસ્યા સહિતના મુદ્દે નવ નિર્માણ ચેરિટેબલ ટ્રસ્ટ વડોલી, કપરાડાના પ્રમુખ અને યુવા આગેવાનો દ્વારા અધિક કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

જેમાં જણાવ્યા મુજબ કપરાડા તાલુકા વિસ્તારની સરકારી હોસ્પિટલોમાં સોનોગ્રાફી અને એક્સ.રે.ની સુવિધા નથી, જેને લઈને મહિલાઓને પ્રસૂતિ સમયે, અકસ્માતોના કિસ્સામાં ધરમપુર કે વલસાડ સુધી જવું પડતું હોવાથી દર્દીની જિંદગી જોખમાય છે. વડોલી ગામમાં રાનવેરી ફળિયામાં આંગણવાડી ન હોવાથી બાળકોને મુશ્કેલી નડે છે, જે મુદ્દે ગ્રામસભામાં પણ રજૂઆત થઈ છે, છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. ઉપરાંત યુઆઈડીએઆઈના આધાર નોંધણી સુધારણા સોફ્ટવેરમાં પિનકોડ નવા દાખલ કરવાની આવશ્યકતા રહેલી છે. બદલાયેલા નંબરને લઈને આધાર કાર્ડ બનાવવામાં મુશ્કેલી ઉભી થતા લોકો સમસ્યામાં મુકાયા છે. ત્યારે આધાર કાર્ડ અને ચૂંટણી કાર્ડમાં એક જ પિનકોડ કરી આપવા સહિતની માંગણી કરવામાં આવી છે.

ઓવાડાના લોકો સાથે અવળી વાત કરનાર ધારાસભ્યએ માફી માંગી

વલસાડના ઓવાડા ગામે ડમ્પિંગ સાઇટના વિરોધમાં ગામ લોકો કલેક્ટર કચેરીમાં આવ્યા હતા

ધારાસભ્ય અરવિંદ પટેલે તેમની સાથે રાજકારણની વાત કરતા મામલો ગરમાયો હતો

વલસાડ : વલસાડ નગરપાલિકાની ડમ્પીંગ સાઈટ ઓવાડા ગામે બનાવવાનો મુદ્દો હાલ ચર્ચાના એરણે ચઢ્યો છે. આ સાઈટના વિરોધમાં ગામ લોકો કલેક્ટર કચેરીના ધક્કા ખાઈ રહ્યા છે. ત્યારે આ વિવાદમાં અરવિંદ પટેલ વચ્ચે આવી ગયા હતા. આજરોજ તેમનો ઓવાડા ગામના લોકો સાથે કલેક્ટર કચેરીમાં મેળાપ થઈ ગયો હતો. જ્યાં તેમણે ગામ લોકોને થોડી કડવાહટ ભરી વાત કરતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તેમણે તેમનો ઘેરાવ કર્યો હતો. જેના પગલે પોલીસ પણ બોલાવવી પડી હતી. જોકે, પાછળથી મામલો શાંત પડી ગયો હતો.

વલસાડના ઓવાડા ગામે વલસાડ નગરપાલિકાની ડમ્પીંગ સાઈટ ના વિરોધ માટે ઓવાડા ગામના લોકોએ તેમના મત વિસ્તારના ધારાસભ્ય અરવિંદ પટેલને પણ આવેદનપત્ર પાઠવ્યુ હતું. ત્યાર બાદ તેઓ આ અંગે વધુ એક રજૂઆત કરવા કલેક્ટર કચેરીમાં આવ્યા હતા. એ પહેલાં ઓવાડા ગામના લોકોએ વલસાડમાં આવેલા આપના નેતા ઈસુદાન ગઢવીને પણ આ અંગે રજૂઆત કરી હતી. જેનાથી અરવિંદ પટેલ ઉકળી ગયા હતા. આજરોજ તેઓ રજૂઆત કરવા માટે વલસાડના યુવા કોંગ્રેસી નેતા મિત દેસાઈને પણ સાથે લઈને આવ્યા હતા. જેનાથી અરવિંદ પટેલે પોતાના મગજ પર કાબુ ગુમાવી થોડી આડી વાત કરી દીધી હતી. જેના પગલે ગ્રામજનો ઉશ્કેરાયા અને તેમને આડેહાથે લીધા હતા. આ ગરમાગરમીમાં પોલીસ પણ આવી ગઈ હતી. સિટી પીઆઈ પરમારે દરમિયાનગીરી કરી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. તેમ છતાં મામલો ગરમાયો હતો. જોકે, થોડા સમય પછી ધારાસભ્યે માફી માંગતા મામલો થાળે પડ્યો હતો. આ મુદ્દે રાજકારણ નહીં લાવવા અરવિંદ પટેલે ખોટી રીતે જણાવ્યું હતુ. ત્યારે ઓવાડા ગામના લોકોએ જણાવ્યું કે, અમે ખોબે ખોબા ભરી ને તમને જ મત આપ્યા હતા, પરંતુ તમારા દ્વારા કામ થતા નથી. તેમજ તમારા કહેવાનો ટોન ખૂબ ખરાબ હતો. એના કારણે ખોટી રકઝક થઈ હતી.

વલસાડના વશિયર ગામે વિવાદીત પુલ પર જ ડમ્પિંગ સાઇટ બનાવો

વલસાડ કલેક્ટર કચેરી ખાતે ધારાસભ્ય સાથે થયેલા આ વિવાદમાં હાજર યુથ કોંગ્રેસના નેતા બનેલા મિત દેસાઇએ ધારાસભ્યને મોં પર જ ચોપડાવી દીધું હતુ કે, સાહેબ ભાજપના નેતાની વાડીમાં ઉતરતા વશિયરના વિવાદાસ્પદ પુલ પર જ ડમ્પીંગ સાઇટ બનાવી દો, તો આખો મામલાનો નિકાલ આવી જશે. જેને લઇ એક સમયે બંને પક્ષકારો હસી પડ્યા હતા. વશિયરનો વિવાદાસ્પદ પુલ હાલ ભાજપનો પીછો જ છોડતો ન હોવાનું જોવા મળી રહ્યું છે.

ભીલાડનો સાયબર ક્રાઈમનો 7 મહિનાથી ફરાર આરોપી ઝડપાયો

ઉમરગામઃ ભીલાડમાં સાયબર ક્રાઈમના ગુનાના સાત મહિનાથી ફરાર એક વોન્ટેડ આરોપીને ભીલાડ પોલીસે ઝડપી પાડ્યો હતો. ભીલાડ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.11200007250634/2025 ભારતીય ન્યાય સહિતા 2023ની કલમ 318(4) તથા આઈટીએકટ 2000ની કલમ 66 (સી) 66 (ડી) મુજબના ગુનાના આરોપી કમોદ બિનોદ પાંડેય (ઉ.વ 32 રહે રોનકતા, પવન પ્લેઝા શેરી, થાણા સિકંદરા જિલ્લા આગ્રા ઉત્તર પ્રદેશ મૂળ રહે શિકુવારા પોસ્ટ સીમરીયા થાન નૌતા જી સિવાન બિહાર)ને ટેક્નિકલ સર્વેલસ આધારે આગ્રા ઉત્તર પ્રદેશ ખાતેથી બાતમીના આધારે ભીલાડ પોલીસ મથકના પીઆઈ એસએસ પવાર અને તેમની ટીમ પકડી લાવી છે, તેની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.